BAOU Education for All
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ભારત-ચીનના સંબંધો:અક્સાયી ચીનના સીમા વિવાદના વિશેષ સંદર્ભમાં

**ધ્રુવિકા અજયભાઈ શ્રીવાસ્તવ**

**સારાંશ**

ભારત અને ચીન વચ્ચેના સંબંધ પ્રાચીન કાળથી જ જોવા મળેલા. આ સંબંધો બંને વચ્ચે ક્યારેક મધુર રહ્યા તો ક્યારેક તંગદિલ. તાજેતરની બનેલી કેટલીક ઘટનાઓના કારણે બંને દેશો વચ્ચેની લદ્દાખના અક્સાયી ચીનના ક્ષેત્રની સમસ્યાએ પુનઃ માથું ઉચકે તેવી સંભાવનાઓ જન્મી રહી છે. ભારત સરકારે જમ્મુ-કાશ્મીરથી સંબંધિત ૩૭૦નો કાયદો રદ્દ કર્યો છે ત્યારથી એવી અફવાઓએ વેગ પકડ્યો છે કે, ટૂંક સમયમાં ભારત પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને અક્સાયી ચીનને પુનઃપોતાના કબ્જા હેઠળ કરી લેશે.આવી અફવાઓની યથાર્થતાને તપાસતા પહેલા તે વિવાદને સમજવો જરૂરી છે.


ભારત અને ચીન વચ્ચેના અક્સાયી ચીનના સીમા વિવાદના બીજ ખુબ પ્રાચીન સમયમાં રોપાયા હતા. ભારત અને ચીન એમ બંને જયારે ભાવી મહાસત્તાઓ બનવાની શક્યતાઓ ધરાવે છે,તેવામાં તેમની વચ્ચેની મિત્રતાએ વિશ્વરાજકારણ ,બહુધ્રુવીય વ્યવસ્થા અને સત્તાની સમતુલા માટે જરૂરી બને છે.આથી બને દેશો વચ્ચેના સીમા વિવાદના સંદર્ભે વરિષ્ઠ ભૂતપૂર્વ રાજદ્વારી દાઈ બિંગુઓ કે જે ભારત સાથેના આ સીમા વિવાદના સમાધાન માટેના ભારતના પ્રતિનિધિઓ સાથે થયેલી એક મુલાકાતમાં પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. તેઓએ એક પ્રસ્તાવ ભારત સમક્ષ મૂક્યો છે, જે અનુસાર ભારતને અક્સાયી ચીનના વિસ્તાર પર નિયંત્રણ મેળવવા ચીનની સરકારને અરુણાચલ પ્રદેશનો તવાંગ જીલ્લો હસ્તક કરવો પડશે. આવા પ્રસ્તાવનો સ્વીકાર ભારત અને ભૂતાન બંને માટે અતિ નુકશાનકારક સાબિત થશે.આવા પ્રસ્તાવને આપીને ચીને ફરી પોતાની વાસ્તવિક મંશા પ્રકટ કરી છે. આ સંપૂર્ણ સીમા વિવાદને પ્રસ્તુત સંશોધન પેપરમાં આ સમજવાનો પ્રયત્ન કરાયો છે.

**કીવર્ડ-** અક્સાયી ચીનનો સીમા વિવાદ, વાસ્તવિક નિયંત્રણ રેખા ' LAC '(LINE IF ACTUAL CONTROL)

## **૧.૧.પ્રસ્તાવના**

૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ મુખ્ય કારણોમાંનું એક આ અક્સાયી ચીનનું ક્ષેત્ર હતું ,જે ભારતીય કાશ્મીરના અક્સાયી વિસ્તારોમાં આવેલ છે.ચીન, પાકિસ્તાન અને ભારતના સંયોજનમાં સ્થિત અક્સાયી ચીન એક વિવાદિત ક્ષેત્ર છે. આ વિસ્તાર હજારો વર્ષોથી ભારત અને મધ્ય એશિયાને રેશમ માર્ગ સાથે જોડવાનું એક માધ્યમ હતું. આમ , એક રીતે તે ચીન અને ભારત વચ્ચેના સંસ્કૃતિ , ભાષા અને વેપારનો માર્ગ હતો. પ્રાચીન સમયમાં ભારતથી તુર્કીસ્તાન સુધીનો વેપારી માર્ગ લદ્દાખ અને અક્સાયી ચીનના માર્ગેથી ચીનના કાશ્ગાર શહેર સુધીનો હતો .૧૯૫૦પછીના દાયકાઓથી આ વિસ્તાર ચીનના કબ્જા હેઠળ છે, પરંતુ ભારત તેના પર પોતાનો દાવો કરે છે અને તેને જમ્મુ-કાશ્મીર રાજ્યનો પૂર્વોત્તર ભાગ માને છે. અક્સાયી ચીન જમ્મુ-કાશ્મીરના કુલ વિસ્તારના પાંચમા ભાગની બરાબર છે. ચીને વહીવટી રીતે તેને પોતાના શિનજિયાંગ પ્રાંતના કાશ્ગર વિભાગના કાર્ગિલિક જિલ્લાનો ભાગ બનાવ્યો છે.

આ બાબતને નીચેના નકશા દ્વારા વધુ સ્પષ્ટ રીતે સમજી શકાશે




સ્ત્રોત : https://www.indiatoday.in/world/story/aksai-chin-china-india-tawang-dai-bingguo-963639-2017-03-02

## **૧.૨. સંશોધનનો હેતુ**

(૧) ભારત અને ચીન વચ્ચેના અક્સાયી ચીનના સીમા વિવાદના મૂળ કારણને જાણવું.

(૨) ચીનના વરિષ્ઠ ભૂતપૂર્વ રાજદ્વારી દાઈ બિંગુઓએ અકસાયી ચીનના બદલામાં અરુણાચલ પ્રદેશના તવાંગની માંગ શા માટે કરી તે તપાસવું

(૩ ) અરુણાચલ પ્રદેશના તવાંગ જીલ્લાનું ભારત-ચીન સરહદના પૂર્વીય ક્ષેત્રમાં વ્યૂહાત્મક અને

રાજકીય મહત્વ સમજવું.

(૪) આ અભ્યાસના આધારે ભાવી શક્યતાઓને ચકાસવી.

## **૧.3 અક્સાયી ચીનનો પરિચય**

### **૧.૩.૧. નામની ઉત્પત્તિ**

અક્સાયી ચીનનું નામ ઉઈગુર ભાષા પરથી ઉતરી આવ્યો છે , જે એક તુર્કી ભાષા છે. ઉઇગુરમાં ' અક્ ' એટલે ' સફેદ ' અને ' સાયી ' એટલે 'ખીણ' . ઉઈગુર ભાષાનો જ એક અન્ય શબ્દ 'ચોઅલ'છે જેનો અર્થ 'રણ' થાય છે ,તે જૂની ખિતાની ભાષામાં ' ચિન ' શબ્દ પરથી ઉતારી આવ્યો છે . આમ, 'અક્સાયી ચિન' નામનો એક અર્થ 'સફેદ પથરાળ ખીણનો રણ ' એવો પણ થાય છે. આજ કારણે ચીનની સરકાર આ પ્રદેશ પર પોતાનો દાવો રજૂ કરવા ' ચિન ' શબ્દનો અર્થ ' ચીન ' એવો કરી આ ક્ષેત્ર ને 'ચીનનો સફેદ રણ' તરીકે ઓળખાવે છે , પરંતુ અન્ય વિદ્વાનોના આ બાબતે મતો ભિન્ન છે.

### **૧.૩.૨ . ભૌગોલિક સ્થાન**

ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના ઈશાન દિશામાં આવેલ અક્સાયી ચીન લગભગ ૫,૦૦૦ મીટરની ઉંચાઈ પર સ્થિત એક મીઠાનું રણ છે. તેનો વિસ્તાર છે ૪૨,૬૮૫ કિ.મી. છે. આ વિસ્તાર લગભગ નિર્જન છે અને અહીં કોઈ કાયમી વસાહતો નથી. આ પરિસ્થિતિ માટે ત્યાંની આબોહવા પણ જવાબદાર હોય શકે કારણ કે અહીં વરસાદ અને હિમવર્ષાનું પ્રમાણ નહિવત્ છે.

## **૧.૪ .ભારત –ચીન સીમા વિવાદનો ઇતિહાસ**

### **૧.૪.૧.આઝાદી પહેલા ભારત - ચીનનો અક્સયી ચીનનો સીમા વિવાદ**

લગભગ ઈ.સ.૧૮૩૭માં ભારત-ચીન વચ્ચે સીમા વિવાદના બીજ રોપાયા હતા . આ સમય દરમ્યાન પંજાબ પ્રાંતમાં શીખોનું શાસન હતું. તે સમય દરમિયાન તેઓની સેના લદ્દાખ સુધી પોતાનો વિસ્તાર વધારવા પહોંચી અને જમ્મુમાં લદ્દાખને જોડાવાની ઘોષણા કરી. ત્યારબાદ આગળ વધતા શીખની સેનાએ તિબેટ પર આક્રમણ કર્યું , પરંતુ ત્યાં ચીની સૈન્યએ તેમને પરાજિત કરીને

લદ્દાખ અને લેહ પર કબ્જો કર્યો. ત્યારબાદ ઈ.સ. ૧૮૪૨માં જ શીખો અને ચીનીઓ વચ્ચે સહમતી થયેલી કે તેઓ એકબીજાની સીમાનું ઉલ્લંઘન નહી કરે.

ઈ.સ.૧૮૪૬માં બ્રિટીશરોએ શીખોને હરાવીને લદ્દાખ પર કબ્જો કર્યો. તેમણે ચીની અધિકારીઓ સાથે બેઠક કરીને સીમાનો મુદ્દો ઉકેલવાનો કરવાનો પ્રયાસ કર્યો.જેમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, સીમા ફક્ત કુદરતી ભૌગોલિક રચનાના આધારે નક્કી કરવામાં આવશે .આથી ત્યાં કોઈ વાડ બાંધવાની જરૂર નથી. કદાચ તે સમયે કોઈ નિશ્ચિત સીમા નક્કી કરવામાં આવી નહીં. તેના પરિણામ સ્વરૂપે  આજે પણ બંને દેશો વચ્ચે આ સીમા સંદર્ભે વિવાદ યથાવત્ છે.

કેટલાક બનાવોના કારણે આ ક્ષેત્રની સીમા નિર્ધારણ કુલ ચાર વખત થયું. જેમાં,

પ્રથમ વખત નકશા પર સીમાની પ્રથમ રેખા 'જોહ્ન્સન લાઇન' બની. જે ઈ.સ.૧૮૬૫માં સર્વે ઓફ ઈન્ડિયાના અધિકારી  ડબ્લ્યુ.એચ.જોહ્ન્સન દ્વારા દોરાયેલી.  તેના અનુસાર , અક્સાયી ચીનનો વિસ્તાર જમ્મુ કાશ્મીરમાં દર્શાવાયો.પરંતુ જોહ્ન્સનના આ કાર્યની ટીકા થઈ અને તેઓંને બ્રિટીશ શાસકો દ્વારા બરતરફ કરવામાં આવ્યા. જોકે ચીને ક્યારેય આ રેખાનો સ્વીકાર કર્યો નહીં, પરંતુ ભારતે તેનો હંમેશા સ્વીકાર કર્યો.

બીજી વાર ઈ.સ.૧૮૯૭માં  બ્રિટીશ સૈન્યના અધિકારી સર જોન આરદાગએ કુનલુન પર્વતોમાંથી પસાર થતી બીજી સીમારેખા નિર્ધારિત કરી. આ તે સમયગાળો હતો જ્યારે બ્રિટીશ શાસનને રશિયાના વધતા જતા વર્ચસ્વથી ખતરો હતો અને ચીન નબળું હતું. આરદાગએ બ્રિટીશ શાસનકર્તાઓંને સમજાવ્યું કે, આ સીમા ફાયદાકારક રહેશે. પરંતુ આ સીમા માત્ર પુસ્તકો પર જ રહી હતી.

ઈ.સ.૧૮૯૦માં  બ્રિટન અને ચીન બંને એકબીજાના મિત્રો બન્યા.સમયાંતરે બ્રિટનને ચિંતા થઈ કે, અક્સાયી પ્રદેશ પર રશિયા કબ્જો કરી લેશે. તે પછી ઈ.સ.૧૮૯૯માં ચીને અકસાયી ચીનના ક્ષેત્રમાં રસ દાખવ્યો, તેથી બ્રિટને સીમાઓમાં ફેરબદલનો ઈરાદો કર્યો અને આમ ત્રીજી વખત સીમા નિર્ધારણનું કાર્ય થયું . આ વખતે આ કામગીરી જ્યોર્જ મેકકાર્ટની મૈક્ડૉનાલ્ડને મળી .તેમણે અક્સાયી ચીનનો વધુ ભાગ ચીનમાં દર્શાવ્યો હતો. ચીને આ બાબતે મૌન સેવ્યું, જેને બ્રિટીશ શાસકોએ ચીનની સહમતિ છે એવું માન્યું .

ચોથી વાર નકશા પર સીમા રેખા 'મેકમોહન રેખા' છે. જે ઈ.સ.૧૯૧૩-૧૪માં બ્રિટન , ચીન અને તિબેટના પ્રતિનિધિઓ વચ્ચે મળેલી એક બેઠકમાં નક્કી કરાઈ, તેને 'સિમલા કરાર' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમાં બ્રિટીશ અધિકારી હેનરી મેકમોહને  રજૂ કરેલ નકશામાં તિબેટ અને ભારતની પૂર્વીય સીમા નક્કી થઈ હતી. જેનો પણ સ્વીકાર ચીને કર્યો નહીં .મેકમોહન રેખાનો આધાર  હિમાલયનો ક્ષેત્ર હતો .જેમાં  હિમાલયનો દક્ષિણ ભાગ ભારત સાથે સાંકળવામાં આવ્યો. ઈ.સ.૧૯૪૯માં ભારતની આઝાદી પછી, ભારત સરકારે 'મેકમોહન રેખા'ને એકમાત્ર સત્તાવાર સીમા નિર્ધારણ તરીકે સ્વીકારી. જેમાં અક્સાયી ચીન ભારતનો ભાગ હતો. આ તરફ ચીને જીનજીયાંગ અને પશ્ચિમ તિબેટને જોડવા ૧૨૦૦ કિ.મી.લાંબો હાઈ-વે બનાવ્યો. જેમાં ૧૭૯ કિ.મી. લાંબો  હાઈ-વે આ પૂર્વની જોન્સન લાઇનના દક્ષિણે આવેલ અક્સાયી ચીનના વિસ્તારમાંથી પસાર થતો હતો .

### ૧.૪.૨ .આઝાદી પછી ભારત-ચીન વચ્ચેનો અક્સાયી ચીનનો સીમા વિવાદ

ઈ.સ.૧૯૫૪ સુધી ભારત સરકારને એ પણ ખબર ન હતી કે, ચીને આ વિવાદિત ભાગમાં રસ્તો બનાવ્યો હતો. આ રસ્તો પહેલી વાર ઈ.સ.૧૯૫૮માં ચીનના નકશામાં દેખાયો હતો, ત્યારે ભારતે તેનો વિરોધ કર્યો. તેના પ્રત્યુત્તરમાં ચીને તેને જૂનો નકશો બતાવી દીધો. આ બધી બાબતો અને ચીનની વિસ્તારવાદી નીતિએ ઈ.સ.૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધનું એક મોટું કારણ બન્યું. યુદ્ધ બાદ આ રેખા વાસ્તવિક નિયંત્રણ રેખા ' LAC '(LINE IF ACTUAL CONTROL) તરીકે સ્વીકારાઈ .અક્સાયી ચીન એ ભારત અને ચીન વચ્ચેના બે મુખ્ય સીમા વિવાદોમાંથી એક છે. ભારત અને ચીન વચ્ચેનો અન્ય સીમા વિવાદ અરુણાચલ પ્રદેશનો છે.

આ સંદર્ભે  ભારત એવો આક્ષેપ કર્યો છે કે, ચીને જમ્મુ-કાશ્મીરમાં ૪૧,૧૮૦ ચોરસ કિ.મી. જમીન પર ગેરકાયદેસર કબ્જો કર્યો છે. જેમાં ૫,૧૮૦ચોરસ કિ.મી.નો અક્સાયી ચીનનો લદ્દાખી વિસ્તાર છે. ચીન નક્કી કરવામાં આવેલ મેકમોહન રેખાનો સ્વીકાર કરતો નથી.

આમ, બંને રાજ્યો વચ્ચે આવેલ આ ક્ષેત્ર સંદર્ભેની સીમા સંબંધી વિવાદ બ્રિટીશ કાળ દરમ્યાન ઉદ્ભવ્યો  અને ભારતની આઝાદી બાદ વિકસિત થયો. અરુણાચલ પ્રદેશનો વિવાદનો પણ અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કારણકે આ બંને વિવાદો પરસ્પર જોડાયેલા જણાય છે. હવે તે સમજીએ,

### ૧.૫ .ભારત સાથેનો સીમાવિવાદ ઉકેલવા ચીનનો પ્રસ્તાવ

ચીનના વરિષ્ઠ ભૂતપૂર્વ રાજદ્વારી દાઈ બિંગુઓએ તાજેતરમાં એક અખબારમાં વક્તવ્ય આપતા કહેલું કે, "બંને દેશો વચ્ચે સીમા વિવાદનું મુખ્ય કારણ એ છે કે, ચીન તરફથી અપાતી કાયદેસરની વિનંતીઓની અવગણના કરવામાં આવી છે. જો ભારત પૂર્વની સીમા પર ચીનના હિતોનું ધ્યાન રાખે છે, તો ચીન અન્ય કોઈ સ્થળે પણ આવું જ કરશે.''તેમના આ વક્તવ્યથી સ્પષ્ટ છે કે, બિંગુઓનો ઇશારો એ હતો કે જો ભારત ઉત્તરમાં અક્સાયી ચીન વિસ્તારને પોતાનો કબ્જો મેળવવા ઇચ્છતું હોય તો તેના બદલે તેને પૂર્વમાં અરુણાચલ પ્રદેશના તવાંગ વિસ્તારને ચીનને સોંપવો પડશે.

ચીન તરફથી થતી આ માંગ પાછળની તેની મંનશાને સમજવા નીચેનો નકશો વધુ મદદરૂપ થશે




સ્રોત: https://www.indiatoday.in/world/story/aksai-chin-china-india-tawang-dai-bingguo-963639-2017-03-02

સ્પષ્ટ છે કે,તવાંગનો વિસ્તાર મેળવીને ચીન પોતાની પકડ ભૂતાનમાં પણ વધુ મજબુત કરવા ઈચ્છે છે. અહીં સેવાનિવૃત બિંગુઓના વક્તવ્યના મહત્વને પણ સમજવું જરૂરી છે. ભલે તેઓ હવે સેવાનિવૃત થયા છે, પરંતુ તેમની વાતોનું ઘણું મહત્વ છે ,કારણ કે ઈ.સ. ૨૦૧૩ સુધી સીમા વિવાદ પર ભારત સાથે વાતચીત કરવા માટે તેઓ તેમના દેશના વિશેષ પ્રતિનિધિ હતા. બિંગુઓએ ચીનમાં સત્તારૂઢ સામ્યવાદી પક્ષમાં એક પ્રભાવશાળી નેતા તરીકે ઓળખવામાં આવે છે. તે ચીનના વર્તમાન શાસકોનાં પણ નજીક મનાય છે. સામાન્ય રીતે, ચીનમાં કોઈપણ અધિકારી સરકારની કોઈપણ પ્રકારની મંજૂરી વિના આવા નિવેદન આપી શકે નહીં. બિંગુઓએ આ પૂર્વે રજૂ કરેલ પોતાના પુસ્તકમાં પણ કંઈક આવું સૂચન કર્યું હતું.

વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી જોઈએ તો, ભારત માટે બંને વિસ્તાર અતિ સંવેદનશીલ છે. એક તરફ અરૂણાચલ પ્રદેશનો તવાંગ વિસ્તાર ભારત માટે અતિ મહત્વનો છે કારણકે અહીં બાંધવામાં આવેલું પ્રસિદ્ધ બૌદ્ધ મઠ તિબેટ અને ભારતના બૌદ્ધ લોકો માટે પવિત્ર અને શ્રદ્ધાનું સ્થાન છે. ઈ.સ.૧૯૬૨માં પણ બંને દેશોએ અહીં યુદ્ધ લડ્યું હતું. જોકે, યુદ્ધ પછી ચીને આ વિસ્તાર ખાલી કરી દીધો હતો,પરંતુ ચીન તવાંગને દક્ષિણ તિબેટના ક્ષેત્ર તરીકે ઓળખાવે છે. તવાંગ પર કબ્જો મળવાથી તિબેટ પર ચીનની પકડ વધુ મજબૂત બનશે. જો આવી માંગણી ભારત સ્વીકારી લે તો, ભારત અને ભૂતાન માટે આ સ્થિતી ખૂબ ગંભીર પરિણામો લાવનારી બનશે . બીજીતરફ અક્સાયી ચીન જમ્મુ અને કાશ્મીરનો પૂર્વીય વિસ્તાર છે. તિબેટ અને ચીનના જીનજીયાંગ પ્રાંતને જોડતો હાઇ-વે અક્સાયી ચીનમાંથી પસાર થાય છે. આ સિવાય ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોરને ધ્યાનમાં રાખીને પણ આ વિસ્તારનું મહત્વ વધ્યું છે. આ વિસ્તાર પરથી થતી ચીનની અવર- જવર એ ભારત માટે સારા સંકેતો દર્શાવતી નથી.

ભૂતકાળમાં થયેલા ચીન તરફથી કડવા અનુભવોથી એવો પણ પ્રશ્ન ઉદ્ભવે છે કે ,અરુણાચલ પ્રદેશના તવાંગને બદલે ચીન પોતાના કબ્જાનો અક્સાયી ચીન ભારત ને આપશે?. ભારત સાથે સીમા વિવાદના સમાધાન માટેના સંકેત ચીનના ભૂતપૂર્વ વરિષ્ઠ રાજદ્વારી દાઈ બિંગુઓએ ભારતના પ્રતિનિધિઓ સાથે થયેલી એક મુલાકાતમાં આપેલા. ઉપરાંત તેમને આ મુલાકાતમાં તવાંગને બદલે અક્સાયી ચીનની આપ-લેનો ઉલ્લેખ કરેલો , પરંતુ આ સંદર્ભે ભારતે મૌન સેવ્યું છે. જે તેના આ બાબતની વિરોધનું સંકેત હોઈ શકે કારણ કે, તવાંગ ભારત-ચીન સીમાના પૂર્વી ક્ષેત્રમાં એક વ્યૂહાત્મક અને રાજકીય દ્રષ્ટીએ પણ અતિ સંવેદનશીલ વિસ્તાર છે. હવે આવનારા સમયમાં જોવાનું રહ્યું કે, આવા પ્રસ્તાવનો જવાબ ભારત કઈ રીતે આપશે ?

**૧.૬ તારણો**

૧. ભારત અને ચીન વચ્ચેના અક્સાયી ચીનાના ક્ષેત્રનો સીમા વિવાદ ચીનની વિસ્તારવાદી નીતિનો પર્યાયી જણાય છે.

૨. વ્યુહાત્મક રીતે આ ક્ષેત્ર ભારત અને ચીન બંને માટે ખૂબ મહત્વ ધરાવે છે. એક તરફ ભારત માટે તે પોતાની ભૌગોલિક અખંડિતા અને સુરક્ષા માટે સંવેદનશીલ પ્રદેશ છે,તો બીજી તરફ ચીન આ પ્રદેશ પર કબ્જો કરીને તિબેટ પર નિયંત્રણ અને ભારતીય ક્ષેત્ર પર ભાવી અંકુશ મેળવવાની મહત્વકાંક્ષા ધરાવે છે.

૩. ચીનના  ભૂતપૂર્વ રાજદ્વારી દાઈ બિંગુઓના વ્યક્તવ્યથી સપષ્ટ થાય છે કે, તેઓ અક્સાયી ચીનના બદલામાં તવાંગનો વિસ્તાર મેળવીને પોતાની પકડ ભૂતાનમાં પણ વધુ મજબૂત કરવા ઈચ્છે છે.

૪.તવાંગ ભારત-ચીન સીમાના પૂર્વી ક્ષેત્રમાં એક વ્યૂહાત્મક અને રાજકીય દ્રષ્ટીએ અતિ સંવેદનશીલ વિસ્તાર છે.જેની સાથે ભારત અને ભૂતાન બંને દેશોની સુરક્ષાના હિતો સંકળાયેલા છે.

૫.અભ્યાસના આધારે કહી શકાય કે, જે-તે સમયની સરકારે આ બાબતોને જોઈએ તેટલી પ્રાથમિકતા આપી નહી. તેથી આજની સ્થિતી વધુ ગંભીર બની ગઈ છે. આ વર્તમાન પરિસ્તિથિને ધ્યાનમાં લઈને ભારતે પોતાની સુરક્ષાનીતિને વધુ મજબૂત બનાવી પડશે.

૬. ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર ચીનની મંનશા ઉજાગર કરી, આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવી પોતાના રાષ્ટ્રીય હિતોની રક્ષા કરવા વધુ કટ્ટીબદ્ધ બનવું પડશે.

**૧.૭.સમાપન**

વિશ્વમાં પોતાના પ્રભુત્વને સ્થાપિત કરવા લાંબા સમયથી ચીન પોતાની વિસ્તારવાદી નીતિને અમલમાં મૂકીને જુદા-જુદા દેશોના વિવિધ ભાગો પર કબ્જો કરી પોતાનો દાવો કરતો રહ્યો છે. એક અંદાજ મુજબ, ચીનની સીમાને સ્પર્શતા કુલ ૧૪ જેટલા રાજ્યો સાથે તેને સીમા સંબંધિત વિવાદ છે. ભારત સાથેનો સીમા સંબધી વિવાદ તેમાંનો એક છે.

વૈશ્વિક હિતોને ધ્યાનમાં રાખીને ચીને પોતાના વલણમાં બદલાવ કરવાની જરૂર છે ,તો સાથો સાથ ભારત જેવા રાજ્યોએ પોતાના હિતોને ધ્યાનમાં લઈને વધુ સજાગ બનવાની જરૂર છે. જેના માટે ભૌગોલિક સ્તિથીને ધ્યાનમાં લઈને સારા પક્ષીય સમીકરણો ઉભા કરવાની જરૂર છે. આજે  જ્યાં એશિયાના આ બન્ને રાજ્યો  વિશ્વમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહયાં છે.તેવામાં તેમની વચ્ચેના સંબંધો સૌહાદપુર્ણ હશે, તો સ્વાભાવિક રીતે તે વિશ્વરાજકારણ તથા સત્તાની સમતુલા માટે તે સકારાત્મક બાબત બની રેહશે.

## સંદર્ભ સૂચી

૧. શુક્લ સી.,(ઓક્ટોબર ,૧૯૬૩)., 'લદ્દાખ' ,પરિચય ટ્રસ્ટ,મુંબઈ,પાના નં ૩,૪

२ जिनी .सी .,(२००५ )., 'चीन का इतिहास' ,वाणी प्रकाशन ,दिल्ही

3 .पाल .शी.,(२०१२ )., 'अंतररास्ट्रीय सम्बन्ध' , वंदना पब्लिकेशन ,नई दिल्ही .

૪. https://aajtak.intoday.in/story/china-border-dispute-chinese-diplomat-suggests-exchaning-arunachals-tawang-with-kashmirs-aksai-chin-1-915394.html

૫ https://www.jagranjosh.com/general-knowledge/history-of-aksai-chin-in-hindi-1567150907-2

૬. http://www.pravakta.com/aksai-china-india-china-border-disputes-at-the-heart-of-the/

૭ . www.tibetanreview.net

૮ .https://hi.wikipedia.org/wiki/ (11/11/2019)

........................................................................................................

**ધ્રુવિકા અજયભાઈ શ્રીવાસ્તવ**

પીએચ.ડી.વિદ્યાર્થીની (રાજ્યશાસ્ત્ર વિભાગ)

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.